# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 02-01-2025** **Morning : 7.10 to 7.20**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1) રાજ્યમાં હવે કુલ 17 મહાનગરપાલિકા અને 34 જિલ્લા હશે.
2) પંચમહાલ જિલ્લામાં આજથી ત્રણ દિવસના પંચમહોત્સવનો પ્રારંભ થશે.
3) **આણંદ પોલીસે પ્રતિબંધિત ચાઈનીઝ દોરીના જથ્થા સાથે એક વ્યક્તિને પકડ્યો.**
4) ખેડા જિલ્લાનાં 13 વર્ષનાં ખેલાડી નિત્યા બ્રહ્મક્ષત્રિયની ગુજરાત મહિલા ક્રિકેટ ટીમમાં પસદંગી થઈ.
5) રાજ્યમાં આગામી પાંચ દિવસ ઠંડીનું પ્રમાણ ઘટવાની આગાહી.

---------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# GUJ. CABINET

ગાંધીનગરમાં ગઈકાલે યોજાયેલી મંત્રીમંડળની બેઠકમાં રાજ્યમાં એક સાથે નવી નવ મહાનગરપાલિકાની રચના કરવાના નિર્ણયને મંજૂરી અપાઈ છે. આ સાથે રાજ્યમાં હવે મહાનગરપાલિકાની સંખ્યા કુલ 17 થશે. સરકારે અગાઉ, વર્ષ 2024-25ના બજેટમાં નવસારી, વાપી, આણંદ, નડિયાદ, મહેસાણા, સુરેન્દ્રનગર- વઢવાણ, મોરબી, પોરબંદર-છાયા અને ગાંધીધામ એમ કુલ નવ નગરપાલિકાને મહાનગરપાલિકામાં રૂપાંતરિત કરવાની જાહેરાત કરી હતી. આ નવી મહાનગરપાલિકાઓ તાત્કાલિક અસરથી કાર્યરત્ થશે તેમ સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું..

આ બેઠકમાં બનાસકાંઠા જિલ્લાનું વિભાજન કરીને બે જિલ્લા બનાવવાનો નિર્ણય લેવાયો છે. હવે આ નવા બનનારા વાવ-થરાદ જિલ્લા સાથે રાજ્યના કુલ જિલ્લાઓની સંખ્યા 34 થશે.

# PORBANDAR MAHA NAGARPALIKA

રાજ્ય સરકાર દ્વારા નવા વર્ષના પહેલા દિવસે ગઈકાલે પોરબંદર-છાયા નગરપાલિકાને મહાનગરપાલિકા જાહેર કરવામાં આવી છે.

પોરબંદરના અમારા પ્રતિનિધિ મહેશ લુક્કા જણાવે છે કે, પોરબંદરમાં હવે વહીવટદારનું શાસન આવશે અને છ મહિનામાં ચૂંટણી યોજી પોરબંદર મહાનગરપાલિકાને કાર્યરત્ કરી દેવાશે. પોરબંદરમાં હવે

**માળખાકીય નિયમો બદલાશે. તેમજ પોરબંદરમાં વનાણા, દિગ્વિજયગઢ, રતનપર અને જાવર ચાર ગામનો સમાવેશ થતા પોરબંદર મહાનગરપાલિકા વિસ્તારની હદ ત્રણ દિશાઓમાં 10-10 કિલોમીટર સુધી ફેલાશે.**

# CABINET - DAP FERTILIZER

કેન્દ્રીય મંત્રીમંડળે ડી-એમોનિયમ ફોસ્ફેટ એટલે કે, DAP ખાતર પર પોષક તત્ત્વો આધારિત સબસિડી વધારીને 3 હજાર 500 રૂપિયા પ્રતિ મેટ્રિક ટન કરવાની મંજૂરી આપી છે. આ મંજૂરીથી ખેડૂતોને પોષાય તેવા ભાવે DAP ખાતર મળી રહેશે.

નવી દિલ્હીમાં ગઈકાલે મંત્રીમંડળની બેઠક બાદ માધ્યમોને સંબોધતાં કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે, ખેડૂતોને હવે એક હજાર 350 રૂપિયાના ભાવે 50 કિલોની થેલી મળતી રહેશે.

# PANCHMAHAL PANCH MAHOTSAV

**પંચમહાલ જિલ્લામાં આજથી ત્રણ દિવસના પંચમહોત્સવનો પ્રારંભ થશે. રાજ્યના ખ્યાતનામ કલાકારો દરરોજ વિવિધ કળાની પ્રસ્તુતિ કરશે. આ અંગે સાંભળીએ એક અહેવાલ.**

**(વૉઈસકાસ્ટઃ વિપુલ પુરોહિત, પ્રતિનિધિ, પંચમહાલ)**

# DAK DAMAN DIU SUKANYA UT

ભારતીય ટપાલ વિભાગ દ્વારા દમણ-દીવને સંપૂર્ણ સુકન્યા કેન્દ્રશાસિત પ્રદેશ તરીકે જાહેર કરાયા છે. દમણના અમારા પ્રતિનિધિ પ્રદીપ ભાવસાર જણાવે છે કે, દેશમાં આ પહેલું કેન્દ્રશાસિત પ્રદેશ છે, જ્યાં સુકન્યા સમૃદ્ધિ યોજવામાં લક્ષ્યાંક પૂર્ણ થયો છે. દમણ અને દીવમાં 18 વર્ષ સુધીની બાળકીઓનો આ યોજનામાં સમાવેશ કરાયો છે. દમણમાં ટપાલ કચેરી દ્વારા યોજાયેલા એક કાર્યક્રમમાં ઉપસ્થિત લોકોને સુકન્ય સમૃદ્ધિ યોજનાની માહિતી આપવામાં આવી હતી.

# ANAND CHINA DORI

આણંદ જિલ્લા પોલીસે પ્રતિબંધિત ચાઈનીઝ દોરીની એક હજાર આઠ જેટલી ફિરકી કબજે કરી છે. મળતી માહિતી મુજબ, પોલીસે છાલાંટિયા વિસ્તારમાં તપાસ કરતાં એક ટેમ્પોમાંથી પ્રતિબંધિત ચાઈનીઝ દોરી મળી આવી હતી. પોલીસે ચાર લાખ 50 હજાર રૂપિયાથી વધુના માલસામાન સાથે એક વ્યક્તિને પકડી આગળની કાર્યવાહી હાથ ધરી છે. આ સાથે જ આણંદ વિભાગના નાયબ જિલ્લા પોલીસ વડા જે. એન. પંચાલે લોકોને ચાઈનીઝ દોરીનો ઉપયોગ ન કરવા અપીલ કરી છે.

# KHEDA CRICKET TEAM SELECTION

ખેડા જિલ્લાનાં 13 વર્ષનાં ખેલાડી નિત્યા બ્રહ્મક્ષત્રિય ગુજરાત મહિલા ક્રિકેટ ટીમમાં પસદંગી પામ્યાં છે. તેઓ ઘણાં સમયથી નડિયાદમાં આવેલાં ખેડા જિલ્લા ક્રિકેટ સંઘમાં તાલીમ લઈ રહ્યાં હતાં. સખત મહેનતના કારણે મહિલા ક્રિકેટ ટીમમાં અંડર-15માં નિત્યા બ્રહ્મક્ષત્રિયની પસદંગી થઈ છે. આ અંગે ખેડા જિલ્લા ક્રિકેટ સંઘના પ્રમુખ મનીષ દેસાઈએ માહિતી આપી હતી.

## (બાઈટઃ મનીષ દેસાઈ, પ્રમુખ, ખેડા જિલ્લા ક્રિકેટ સંઘ)

# BHAVNAGAR ACCIDENT

ભાવનગર જિલ્લામાં ગઈકાલે બસ અને બાઈક વચ્ચે અકસ્માત થતાં બાઈકચાલકનું મોત નીપજ્યું હતું. ભાવનગરના અમારા પ્રતિનિધિ સુરેશ ત્રિવેદી જણાવે છે કે, જિલ્લાના એક બાઈકચાલક લાખણકાથી ભાવનગર જઈ રહ્યા હતા. દરમિયાન હાથબ ગામ પાસે અકસ્માત થતાં તેમનું મોત નીપજ્યું હતું. આ અંગે મૃતકના ભાઈએ બસચાલક વિરુદ્ધ ઘોઘા પોલીસમથકમાં ફરિયાદ નોંધાવી છે.

# WEATHER

હવામાન વિભાગે આગામી પાંચ દિવસ રાજ્યમાં તાપમાન યથાવત્ રહેવાની શક્યતા વ્યક્ત કરી છે. દરમિયાન તાપમાનમાં એકથી બે ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની સંભાવના છે. આગામી દિવસમાં રાજ્યના

વિવિધ જિલ્લાઓનું લઘુત્તમ તાપમાન પણ એકાદ ડિગ્રી સેલ્સિયસ સુધી વધી શકે છે, જેથી વર્ષ 2025ની શરૂઆતમાં ઠંડીનું પ્રમાણ ઓછું વર્તાશે, તેમ હવામાન વિભાગના નિદેશક એ. કે. દાસે જણાવ્યું હતું.

(બાઈટઃ  એ. કે. દાસ, નિદેશક, હવામાન વિભાગ)

રાજ્યમાં છેલ્લા 24 કલાકમાં સૌથી ઓછું 6 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન કચ્છના નલિયામાં નોંધાયું છે. જ્યારે કચ્છના ભુજ, કંડલા હવાઈમથક, પોરબંદર, રાજકોટ, જુનાગઢના કેશોદ, બનાસકાંઠાના ડીસા જેવા શહેરોમાં લઘુત્તમ તાપમાન 10થી 13 ડિગ્રી સેલ્સિયસની વચ્ચે રહ્યું છે.

## UNAVA MARKET YARD

મહેસાણા જિલ્લાના ઉનાવા માર્કેટયાર્ડ ખાતે મોટી સંખ્યામાં ખેડૂતો કપાસ વેચવા આવી રહ્યા છે. તેમને કપાસના સરેરાશ એક હજાર 450 રૂપિયા સુધીના ભાવ સુધીના ભાવ મળી રહ્યા છે. આ અંગે ઉનાવા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના અધ્યક્ષ પ્રકાશ પટેલે માહિતી આપી હતી.

(બાઇટ- પ્રકાશ પટેલ, ચેરમન, APMC, ઉનાવા)

# AHMEDABAD CIVIL SKIN DONATION

અમદાવાદના અસારવા વિસ્તારમાં આવેલી સિવિલ હૉસ્પિટલને નવા વર્ષના પહેલા જ દિવસે ગઈકાલે નવમું ચામડીનું દાન મળ્યું છે. સિવિલ હૉસ્પિટલના તબીબી અધિક્ષક ડૉ. રાકેશ જોષીએ જણાવ્યું કે, અંગદાન અને નેત્રદાનની સાથે સાથે વધુમાં વધુ ચામડીનું દાન થાય એ આજનાં સમયની જરૂરિયાત છે.

# Porbandar student present-NCSC

પોરબંદરની સરકારી ભાવસિંહજી હાઈસ્કૂલનાં વિદ્યાર્થિની સૃષ્ટિ જગતિયા મધ્યપ્રદેશના ભોપાલ ખાતે રાષ્ટ્રીય બાળવિજ્ઞાન સંમેલનમાં રાજ્યનું પ્રતિનિધિત્વ કરશે. તેઓ જિલ્લામાં જોવા મળતી લીલ વિશે સંશોધન કરેલી કૃતિ રજૂ કરશે. રાજ્યકક્ષાએ સાયન્સ સિટી ખાતે આ સંશોધન રજૂ કરાયું હતું, જેની હવે રાષ્ટ્રીયકક્ષાએ પસંદગી થઈ છે. આવતીકાલથી ત્રણ દિવસ સુધી ભોપાલ ખાતે રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન સંમેલન યોજાશે.

# RAJKOT MISSING PERSONS

રાજકોટ પોલીસના માનવ તસ્કરી વિરોધી એકમે ડિસેમ્બર મહિનામાં 14 વર્ષનાં અપહરણ કરાયેલાં તરુણી સહિત ગુમ થયેલાં 22 લોકોને શોધી કાઢ્યા છે. પોલીસે શહેરના વિવિધ વિસ્તારોમાં શંકાસ્પદ સ્થળોની

મુલાકાત લઈને ગુમ થનારા આ તમામ લોકોને શોધી તેમનું પરિવાર સાથે પુનઃમિલન કરાવ્યું હતું.